# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૮-૧૦-૨૦૨૩ સમય- સવારે-૬.૫૦**

---

## તીર્થસ્થાનોનો વિકાસ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ્ય કક્ષાના 16 નાના-મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે 37 કરોડ 80 લાખ રૂપિયા મંજુર કર્યા છે.રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અલગ-અલગ સંસ્થાઓ/ટ્રસ્ટો દ્વારા નાના-મોટા તીર્થસ્થાનોના વિકાસ માટેની દરખાસ્તો મળી હતી,જેની ઉપર વિચારણા કરી રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજુરી આપી છે.

જેમાં વડોદરા જિલ્લાના 4 તીર્થસ્થાનોના વિકાસ માટે પોણા આઠ કરોડ,મહેસાણા જિલ્લાના 6 તીર્થસ્થાનોના વિકાસ માટે લગભગ સાડા પંદર કરોડ,અમદાવાદના ધોળકામાં આવેલ મંદિરના વિકાસ માટે ચાર કરોડથી વધુ તથા પાટણના ખોડિયાર માતા મંદિર તથા તળાવ બ્યુટીફિકેશનના કામો માટે પોણા પાંચ કરોડ,તો રાજકોટના ખોડલધામ મંદિરના વિકાસ માટે દોઢ કરોડથી વધુ,ઉપરાંત અરવલ્લીના ગણપતિ મંદિરના વિકાસ માટે સવા કરોડ રૂપિયા મંજુર કર્યા છે.

**RNU અમદાવાદ**

---

## ભાનુબેન બાબરિયા લોન :

ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ તેમના વિભાગના યોજનાના લાભાર્થીઓના લોન સહાય વિતરણ કર્યું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે,હવે લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ ડીબીટી યોજના મારફતે સીધો જ બેંક ખાતામાં જમા થાય છે.ઉપરાંત લાભાર્થીઓને પારદર્શિતા સાથે યોજનાના લાભ મળી રહે તે માટે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો શરૂ કરવામાં આવ્યા છે.આ પ્રસંગે તેમણે દિવ્યાંગજનોના ઉત્થાન માટે સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી યોજનાઓની માહિતી આપી જરૂરતમંદ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## <u>સોલાર ફેન્સીંગ સહાય :</u>

રાજ્યના  ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો ૯ ઓક્ટોબરથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે.સવારે સાડા દસ વાગે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે.

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા  અથવા ૧૫  હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે.આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને રજૂ કરવાના રહેશે.

**RNU અમદાવાદ**

---

## હવાઈ દળ સ્થાપના દિન :

ભારતીય હવાઇ દળ આજે એનો 91 મો સ્થાપના દિન ઉજવી રહેલ છે.પૂરા 91 વર્ષ પહેલાં 8મી ઓક્ટોબર 1932ના દિને હવાઈ દળ અસ્તિત્વમાં આવ્યું હતું.સરહદી પ્રદેશના નાતે કચ્છમાં હવાઈ દળની મહત્વની ભૂમિકા રહી છે.1971ના ભારત પાકિસ્તાન યુદ્ધ સમયે પકિસ્તનના હવાઈ હુમલા સમયે આપણા દળના વિમાનોએ મક્કમ પ્રતિકાર કર્યો હતો.પ્રજાએ અંધારપટનો દિવસો સુધી અનુભવ કર્યો હતો.માધાપરની વીરાંગનાઓએ ભુજના હવાઈ મથકની મરામત કરી હતી.

**ચંદ્રવદન પટ્ટણી**

---

## વિશ્વકપ-ક્રિકેટ :

ભારત આજે ઓસ્ટ્રેલિયાની ટીમ સામે પ્રથમ મેચ સાથે વર્તમાન વિશ્વકપ સ્પર્ધામાં પદાર્પણ  કરશે.આજે બન્ને દેશો વચ્ચે ચેન્નાઇનાં એમ એ ચિદમ્બરમ્ સ્ટેડિયમ ચેપોક ખાતે મેચ રમાશે.જે બપોરે બે વાગ્યે શરૂ થશે.બન્ને દેશો વચ્ચે અત્યાર સુધી 146 એક દિવસીય મેચ રમાયેલી છે.જેમાં ઓસ્ટ્રેલિયાએ 82 મેચમાં વિજય મેળવ્યો છે.તો ભારતનો 54 મેચમાં વિજય થયો છે.જ્યારે 10 મેચ અનિર્ણિત રહી છે.

**ચંદ્રવદન પટ્ટણી**

---

## હવામાન :

કચ્છમાં દિવસે ગરમી અને મોડી રાત્રે હળવી ઠંડક અનુભવાઇ રહી છે.તે વચ્ચે ગઇકાલે કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન 36.1 ડિગ્રી સેલ્સિયસ રહેતાં

રાજ્યભરમાં સૌથી ગરમ મથક બન્યું હતું.ગાંધીધામ અને અંજારમાં ગરમીનું જોર જારી રહ્યું હતું.તો ભુજ,નલિયા અને કંડલા બંદરે અધિકત્તમ ઉષ્ણતામાન સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું રહેતાં ગરમીમાં રાહત અનુભવાઈ હતી.

**જયદીપ વૈષ્ણવ**

---------------------------------------------------------------------------------------------